## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




મેં તો પી.આર.ની એપ્લીકેશન પાછી ખેંચી લીધી.. અલી, લીંબુના ભાવ ઘટી ગયા, પેટ્રોલના પણ.. અને વ્યાજ પણ વધવાનું છે...!!

## શ્રી સોમેશ્વર મહાદેવ મંદિર રૂપાલ ખાતે પાટોત્સવ યોજાયો



ગાંધીનગર, તા.૨૨

રૂપાલ ખાતે શ્રી સોમેશ્વર મહાદેવના સાંનિધ્યમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ લઘુરૂદ્ર પાટોત્સવનું આયોજન રૂપાલ દવે પરિવાર તરફથી કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામના ભુદેવ બહાર ગામ રહેતા મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

**પ્રકૃતિની પવિત્રતા જાળવણીએ સો નાગરિકોનો ધર્મ : રાજયપાલ**

# ગાંધીનગર જિલ્લાના ચિલોડા ખાતે સ્વચ્છતા અભિયાનનો શુભારંભ કરાવતા રાજયપાલ







ગાંધીનગર તા. ૨૨

ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રતે ગાંધીનગર જિલ્લા ચિલોડા ગામે સફાઈ થકી શ્રમદાન કાર્યક્રમ અંતર્ગત ગામમાં સફાઈ અભિયાનનો પ્રારંભ કરાવતા જણાવ્યું હતું કે, સ્વચ્છતા જીવનમાં સંસ્કાર અને આદત બનવી જોઈએ. તેમણે જણાવ્યું હતું કે, કોઈપણ વ્યક્તિ પોતાના કર્મથી મહાન બને છે. સ્વછતાના સંસ્કારથી માનવજાતનું કલ્યાણ થાય છે, પર્યાવરણની રક્ષા થાય છે અને સામાજિક સ્વાસ્થ્યની રક્ષા થાય છે. તેમણે સ્વચ્છતાના સંસ્કારથી સમાજમાં નવી ક્રાંતિ માટે સૌને સંકલ્પબધ્ધ થવા અનુરોધ કર્યો હતો. રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે, ઈશ્વરની વ્યવસ્થામાં સહયોગી બનવું એ જ સાચી પૂજા છે. પ્રકૃતિની પવિત્રતા જાળવણી એ સૌ નાગરિકોનો ધર્મ છે.

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ચિલોડા ગામમાં યોજાયેલા સફાઈ થકી શ્રમદાન કાર્યક્રમમાં રાજયપાલે સફાઈ કર્મયોગીઓનું સન્માન કર્યું હતું અને પર્યાવરણની રક્ષા માટે વૃક્ષારોપણ પણ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ભારતના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર દેશને સ્વચ્છ બનાવવા જન અભિયાન ઉપાડયું છે. તેમણે જણાવ્યું હતું કે, સ્વચ્છતાથી સ્વાસ્થની પણ રક્ષા થાય છે. રાજયપાલે સફાઈ કર્મીઓને સ્વચ્છતાના પ્રહરી ગણાવ્યા હતા.

રાજયપાલએ જણાવ્યું હતું કે, ગુજરાતી ધરતી મહાપુરૂષોની ધરતી છે. મહાત્મા ગાંધીજી હમેંશા કહેતા હતા કે, સ્વચ્છતામાં ઈશ્વરનો વાસ હોય છે. આજે ગ્લોબલ વાર્મિંગ જેવી સમસ્યાનો સમગ્ર વિશ્વ સામનો કરી રહ્યું છે. આજે જળ- જમીન અને પર્યાવરણ દુષિત થઈ ગયા છે. રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના બેફામ ઉપયોગથી જમીન બંજર બની રહી છે.

આ સ્વચ્છતા અભિયાનના આરંભે રાજયપાલે ગામની શેરીની સફાઈ કરી હતી. તેમજ કચરો પણ જાતે ભરીને કચરાપેટીમાં નાખ્યો હતો. આ કાર્યમાં ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોર, ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલ, બ્રહ્માકુમારીની બેનો- ભાઈઓ અને ગ્રામજનો પણ ઉત્સાહભેર સહભાગી બન્યા હતા. તેમજ ગાંધીનગર જિલ્લા કલેકટર ડાૅ. કુલદીપ આર્ય, જિલ્લા વિકાસ અધિકારી સુરભિ ગૌત્તમ, ગામના સરપંચ પણ જોડાયા હતા.

આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા ગ્રામ એજન્સીના નિયામક દેવાંગી દેસાઈ, ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી બી.બી. મોડિયા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુરજ બારોટ સહિત આમંત્રિત મહાનુભાવો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગરમાં આજે આકાશ વાદળછાયુ રહેતાં લોકોએ ગરમી અને ઉકળાટનો અહેસાસ કર્યો હતો.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં નવી પાઈપલાઈનો નાખવાની કામગીરીને કારણે ૧ થી ૪ માળના દર્દીઓની પરેશાની વધી છે.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો આજે એક પણ કેસ નોંધાયો નથી.

● દહેગામમાં દબાણ હટાવવાની ઝુંબેશનું ભૂત ફરી ધૂણ્યુ છે. આ ઝુંબેશ ખરેખર યોજાશે કે કેમ તેને લઈ નગરજનોમાં ચર્ચા જાગી છે.

● કલોલ જીઆઈડીસીમાં બનેલ આગની ઘટનાના સમાચાર મળતાં જ કેન્દ્રીય ગૃહમંત્રીએ જિલ્લાતંત્રનો સંપર્ક કરી પરિસ્થિતિની જાણકારી મેળવી જરૂરી તમામ શક્ય મદદ કરવા કહ્યુ હતુ.

● ૨૮-૨૯ મે ના રોજ પ્રધાનમંત્રી અને કેન્દ્રીય ગૃહમંત્રીના સૂચિત પ્રવાસને લઈ તંત્ર દ્વારા તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

● ઈ.ગ્રામ સેવા સેન્ટરમાં ૬૦ જેટલી સેવાઓ આપવામાં આવી રહી છે અને છેલ્લા ૪ માસમાં ૯૫,૮૪,૫૧૬ લોકોએ આ સેવાનો લાભ મેળવ્યો છે.

● ગાંધીનગર જિલ્લામાં ખરીફ વાવણી મોડી થશે જો કે હાલ પ્રિ. મોન્શુન એક્ટીવીટી થતી જોઈ ખેડૂતોના મત મુજબ જિલ્લામાં વહેલો વરસાદ થઈ શકે છે.

● આજે રજાનો દિવસ હોવાથી શહેરમાં ટ્રાફિકનું ભારણ ઓછુ જોવા મળ્યુ છે.

● શાળાઓમાં વેકેશન હોવાથી શહેરના ઘણા પરિવારો વેકેશન માણવા વતન અને રાજ્ય બહાર ગયા છે.

# મોટી આદરજ ગામે પરણિતાના આપઘાત કેસમાં ૪ સામે દુષ્પ્રેરણની ફરીયાદ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર નજીક મોટી આદરજ ગામે પરણિતાએ ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. જયારે આ બનાવમાં તેણીના પિતાએ ચાર વ્યકિત સામે પેથાપુર પોલીસ મથકે આપઘાત કેસમાં દુષપ્રેરણની ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રોદ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર પોર ગામના મોટા ઠાકોર વાસ ખાતે ગાંડાજી બબાજી ઠાકોર પોતાના પરિવાર સાથે રહે છે અને વોવાલ સ્થિત આર.પી.જી. રીઠોલ કંપનીમાં એન્જીનિયર તરીકે નિવૃત થયા છે. ગાંડાજી ઠાકોરે પેથાપુર પોલીસ મથકે નોંધાવેલી ફરીયાદ મુજબ સંતાનમાં તેમને એક દિકરો અને દિકરી છે. દિકરી પીન્કલ (ઉં.૨૭)ના લગ્ન મોટી આદરજ ગામના રાયસંગજીના દિકરા ગોંવિદજી સાથે જ્ઞાતિના રીત રીવાજ મુજબ થયા હતા. લગ્નજીવનના ૬ વર્ષના સમયગાળા દરમિયાન તેને ૩ વર્ષનો દિકરો રેયાંશ છે. ગત તા.૨૧ મે ના રોજ ગાંડાજી પોર ખાતે ઘરે હાજર હતા. ત્યારે નાના ભાઈ અશોકના પત્ની અરૂણાબેન અમારા ઘરે આશરે સાડા છ વાગે આવ્યા હતા. તેઓએ જણાવ્યુ કે મોટી આદરજ ગામે તમારી દિકરી પીન્કલ તેના ઘરે ગળે ફાંસો ખાધેલ છે. આ સમયે ગાંડાજીના પત્ની સવિતા બેન પણ હાજર હતા. તે દરમિયાન વેવાઈ રાયસંગજીનો મોબાઈલ પર ફોન આવ્યો હતો અને જણાવ્યું કે તમે પતિ-પત્નિ આદરજ આવી જાવ અજુગતુ બની ગયું છે. જેથી પોર ગામથી ગાંડાજી તેમના પરીવારના સભ્યો તાત્કાલીક મોટી આદરજ ગામે પહોંચી ગયા હતા. જયાં ઘર આગળ માણસોનું ટોળુ એકઠુ થયુ હતું. ગાંડાજીએ દિકરીનો હાથ પકડતા ગરમ લાગતા તેઓને બેભાન લાગતા ગાડીમાં ગાંધીનગર સરકારી દવાખાને આવ્યા હતા. જયાં ડોકટર દ્વારા તપાસી મરણ જાહેર કરી હતી. તે સમયે ગાંડાજીએ જોયુ તો દિકરીના ગળાના ભાગે ગળાસફાંસાના નિશાન હતા.દિકરીના લગ્નબાદ થોડો સમય તેનો ઘરસંસાર બરાબર ચાલ્યો હતો. ત્યાબાદ જયારે પણ દિકરી ઘરે આવતી કે ફોન પર વાત કરતી હતી તે સમયે મારા સાસુ અને કાકીજી પહેરવા ઓઢવાની, રાંધવાની અને બહાર આવવા જવાની બાબતે મ્હેણા ટોણા મારે છે. જયારે જમાઈ ગોંવિદજી કયારેક મારઝુડ પણ કરતા હતા. તો બીજી તરફ વેવાઈ રાયસંગજી પણ તમારા જમાઈને આ લઈ આપો કહી નાની મોટી ચીજવસ્તુઓ માટે આડકતરી માંગણીઓ કરી પ્રેશર કરતા હતા. જયારે ત્રાસને પગલે પીન્કલ પાંચ થી છ વખત પોર આવી ગઈ હતી. પરંતુ માતા-પિતાએ સમજાવી સાસરે મોકલતા હતા. છતાં સાસરીપક્ષ તરફથી ત્રાસ અવીરત ચાલુ રહ્યો હતો. જેથી ત્રણ દિવસ પહેલા દિકરીએ ફોન કરીને તેની માતાને જણાવ્યું હતું કે હવે આ લોકોનો ત્રાસ ખુબ જ વધી ગયો છે. મારાથી સહન નથી થતો, હું આત્મહત્યા કરી લઈશ. જેથી તેણીની માતાએ સંસારમાં ચાલ્યા કરે મન પર બહુ ન લેવા માટે જણાવ્યું હતું અને બે ત્રણ દિવસ પછી આવીશ અને તારે ઘરે આવવું હોય તો તેડી જઈશ. પરંતુ તે પહેલા પરિણિતાએ ગળેફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લીધી હતી.ત્યારે દિકરીના પિતાએ તેના પતિ, સાસુ-સસરા અને કાકીજી સાસુ સામે આપઘાત માટે દુષ્પ્રેરણાની ફરીયાદ નોંધાવી છે.

# IITEના તમામ કોર્સમાં પ્રવેશ માટે ઉપલબ્ધ ૩૪૧૬-બેઠકો માટે ૧૩૨૩૪-ચાર ગણી ઓનલાઈન અરજી

**રાજ્યના કુલ ૩૫ સેન્ટરોમાં ૨૯મી મેના રોજ યોજાશે પ્રવેશ પરીક્ષા**

ગાંધીનગર, તા. ૨૨

ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન (IITE), ગાંધીનગર તથા તેને સંલગ્ન તમામ બી.એડ્. કોલેજોમાં ચાલતા વિવિધ સ્નાતક, અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો તથા પીએચ.ડી. જેવા સંશોધનાત્મક કાર્યક્રમોમાં પ્રવેશ મેળવવા માટે ખાસ પ્રવેશ પરીક્ષા i3T(Integrated Test for Teacher Trainee)નું આયોજન કરવામાં આવશે. આ પરીક્ષા આગામી ૨૯ મે,રવિવારના રોજ લેવાશે.

વિવિધ ઈન્ટિગ્રેટેડ સ્નાતક, અનુસ્નાતક અને રિસર્ચના કાર્યક્રમોમાં ઉપલબ્ધ કુલ ૩૪૧૬ બેઠકો પર પ્રવેશ મેળવવા માટે લગભગ ચાર ગણી કુલ ૧૩૨૩૪ ઓનલાઈન એપ્લિકેશન આવેલ છે. આ પરીક્ષા રાજ્યના ૩૫ કેન્દ્રો (સ્થળો ) પર લેવામાં આવશે. પરીક્ષા કેન્દ્રમાં દરેક બ્લોકમાં (એટલે કે પ્રત્યેક રૂમમાં) ૨૮ ઉમેદવારો પરીક્ષા આપી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવશે. આઈઆઈટીઈ સાથે સંલગ્ન રાજયની તમામ સરકારી અને ગ્રાન્ટ-ઈન-એઈડ બી.એડ્. કોલેજોમાં ચાલતા બે વર્ષના બી.એડ્.ના અભ્યાસક્રમની કુલ




૨૯૫૦ બેઠકો માટે કુલ ૧૧૭૯૯ (ચાર ગણા) ઉમેદવારો પરીક્ષા આપશે. આઈઆઈટીઈના સેન્ટર ઓફ એજયુકેશન દ્વારા બી.એસસી. બીએડ્. તથા બીએ.બીએડ્.ના પ્રત્યેક ચાર વર્ષના ઈન્ટિગ્રેટેડ અભ્યાસક્રમમાં ઉપલબ્ધ ૨૦૦ બેઠકો માટે ૮૦૧ (ચાર ગણા) ફોર્મ્સ મળ્યા છે. શિક્ષણ વિદ્યાશાખામાં સંશોધનાત્મક કાર્યક્રમ પીએચ.ડી.ની ઉપલબ્ધ ૧૬ બેઠકો માટે ૧૩૯ (આઠ ગણા) ફોર્મ્સ ભરવામાં આવ્યા છે. આ ઉપરાંત, ત્રણ વર્ષના ઈન્ટિગ્રેટેડ ઈનોવેટિવ એમ.એસ.સી./ એમ.એ.એમ.એડ્. તેમજ બી.એડ એમ.એડ. અને એમ.એડ્.ના અભ્યાસક્રમ માટે ઉપલબ્ધ ૨૦૦ બેઠકો માટે ૪૯૫ (બે ગણા થી પણ વધારે) ફોર્મ્સ મળ્યા છે.

કુલ ૧૨૦ ગુણની દોઢ કલાકની સ્ઈથી પરીક્ષા લેવાશે. ચાર પ્રવેશ લેવલ માટે ૪ જુદા જુદા પ્રશ્નપત્રોથી પરીક્ષા ૨૯મી મે લેવાશે. જેનું પરિણામ ૪ જૂન, ૨૦૨૨, શનિવારે સાંજે છ વાગે જાહેર થશે. એમ યુનિવર્સિટીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## કોલવડા ગામેથી ૨ શકુની ઝડપાયા બે ફરાર

ગાંધીનગર, તા.૨૨

કોલવડા ગામે પગીવાસ ચાંમુડા માતાના મંદિરની બહાર ખુલ્લી જગ્યામાં જુગાર રમતા બે શકુઓ ઝડપાઈ ગયા છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમા હતા તે સમયે તેઓને ખાનગી રાહે બાતમી મળી હતી કે કોલવડા ગામે પગીવાસમાં ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે.જેથી પોલીસે સ્થળ પર દરોડો પાડતા બે શકુનીઓ ઝડપાઈ ગયા હતા.જયારે બે જુગારી ભાગી ગયા હતા. પોલીસે દાવ પર થી અને અંગજડતી દરમિયાન કુલ રૂ.૨૭ હજારનો મુદ્દામાલ કબ્જે ક્યો હતો.જયારે પોલીસે કોલવડા પગીવાસ ખાતે રહેતા દશરથ જવાનજી ઠાકોર, ભોટાજી આત્યાજી ઠાકોર પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા અને દિનેશ પુંજાજી ઠાકોર અને વિક્રમ રામસંગજી ઠાકોર ભાગી જવામાં સફળ રહ્યા હતા. પોલીસે તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# શહેરમાં પાણીની પાઈપલાઈનની કામગીરી એન્જીનીયરોની હાજરીમાં કરાય તે સુનિશ્ચિત કરવા ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદની અપીલ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદ દ્વારા શહેરમાં પાણીની પાઇપલાઈનની કામગીરી એન્જીનીયરોની સતત હાજરીમાં કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા અપીલ કરવામાં આવી છે અને સાથે જણાવાયું છે કે ગાંધીનગરને સ્માર્ટ સિટી બનાવવા માટે ૨૪ કલાક પાણીની સુવિધા આપવા પાઈપ લાઇન નાખવાના મેગા પ્રોજેક્ટની કામગીરી અત્યારે સતત ચાલી રહી છે. આ પ્રોજેક્ટમાં પાઈપલાઈન નાખ્યા પછી જમીન પર માટીથી યોગ્ય પૂરાણ ન થવાને કારણે વાહન વ્યવહાર મુશ્કેલ થવાના એક પ્રસંગે મેયરે હસ્તક્ષેપ કરીને રસ્તો ચાલુ કરાવ્યો હતો. તે અંગે મેયર પ્રત્યે આભારની લાગણી વ્યકત કરવા સાથે ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે જણાવ્યું છે કે સતત ચાલનારી આ કામગીરીમાં નાગરિકોને વાહન વ્યવહારમાં મુશ્કેલી ન પડે તે માટે ખાતાના એન્જિનિયરોની સતત હાજરી અનિવાર્ય બનવી જોઈએ. તેમજ સાંજે રસ્તો ચાલુ કર્યા પછી જ તેઓ ફરજમુક્ત થાય તે બાબત સુનિશ્ચિત કરવી આવશ્યક છે. આ પ્રોજેક્ટમાં થર્ડ પાર્ટી ઈન્સપેકશનની જોગવાઈ હોય તો તેના અધિકારીઓની પણ સતત હાજરી અનિવાર્ય બનવી જોઈએ.

ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદના ટેકનિકલ એક્સપર્ટ્સના કહેવા મુજબ, આ ગંભીર બાબત છે. આ માટે જે તે એજન્સી જવાબદાર છે. સુપરવિઝન પણ બરાબર થતું નથી.જે તે વિસ્તારના કોર્પોરેટરે આ જવાબદારી ઉપાડી લેવાની જરૂર છે. ચુંટાયા પછી આ તેમની ફરજ બને છે.

પાઈપ લાઈન નાખવી, વરસાદી પાણીના નિકાલની લાઈન, ગટર લાઈન, માટીનું પુરાણ વગેરે કામોમાં થોડી પણ ક્ષતિ રહી જાય તો ટૂંક સમયમાં મોટું નુકસાન થઈ શકે છે. માર્ગની નીચે અને/અથવા આસપાસના આવા કામોમાં અમુક ચોક્કસ સમયમર્યાદા પહેલાં જો કંઇ પણ તકલીફ થાય તો તેની જવાબદારી કોન્ટ્રાક્ટર/ ગુણવત્તા નિયંત્રણ એજન્સી/ બિલ પાસ કરનારની હોવી જોઈએ. ભુતકાળમાં આવી નુકસાની વેઠવી પડી હોય તેવા અનેક દાખલાઓ છે. પ્રજાકીય પૈસા વેડફાય અને પ્રજાકીય હાડમારી વધે તેમ ન થવું જોઈએ.

આ મેગા પ્રોજેક્ટ પૂર્ણ થયા પછી ૨૪ કલાક પાણી મળશે તે બાબતની જવાબદારી સુનિશ્ચિત થવી જોઈએ અને તેમ ન થઈ શકે તો નાણાકીય વસૂલીની શરત હોવી જોઈએ. પાઈપલાઈન નાખ્યા પછી યોગ્ય પુરાણ નહીં થાય તો આવતા ચોમાસામાં અનેક મુશ્કેલીઓનો સામનો ગાંધીનગરના લોકોને કરવાનો આવશે . આથી તંત્રે અત્યારથી સાવચેત રહીને યોગ્ય ટેકનીક સાથે માટી પુરાણ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવું જોઈએ તેવી લોક લાગણી છે, તેમ ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે જણાવ્યું છે.

## દહેગામ ખાતે દુર્ગાવાહિની દીકરીઓનું સ્વાગત કરાયું



ગાંધીનગર, તા. ૨૨

દહેગામ પ્રખંડ શહેર દુર્ગાવાહિની વર્ગ પૂર્ણ કરી પરત ફરેલી દીકરીઓનું વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળના કાર્યકર્તાઓ દ્વારા તલવાર ભેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું. સાથે સાથે દીકરીઓની ઉતારી સ્વાગત કરવામાં આવ્યું હતું. સન્માન કાર્યક્રમમાં વિશ્વ હિન્દુ પરિષદ બજરંગદળના કાર્યકર્તાઓ સહિત નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.



વનમહોત્સવના ભાગરૂપે ગાંધીનગરમાં વિકસાવાયેલું પુનિતવન વહેલી સવારે અને સાંજે વડીલો-વયસ્કોની અવરજવરથી ધમધમતું રહે છે. વોકીંગ-જોગીંગ અને યોગાના કલાસ અહીં નિયમિત રીતે થાય છે. પુનિતવનમાં તાજેતરમાં યોગનું સ્ટેચ્યુ મુકી યોગાસનોને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે.

# શહેરના યુવકને વિદેશી યુવતિની ફ્રેન્ડશીપ મોંઘી પડી

**યુવતિએ કાર્ડ લોક થઈ ગયું છે કહી યુવક પાસેથી કસ્ટમ કલીયરન્સના નામે રૂ.૩૭ હજાર ઓનલાઈન ટ્રાન્સફર કરાવ્યા**

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરનો યુવક ઓનલાઈન છેતરપિંડીનો ભોગ બન્યો છે. વિદેશી યુવતિની મિત્રતા યુવકને ભારે પડી છે. મુંબઈ એરપોર્ટ પર કાર્ડ લોક થઈ ગયું છે કહી યુવતિએ કસ્ટમ કલીયરન્સના નામે રૂ.૩૭ હજાર પોતાના એકાઉન્ટમાં ઓનલાઈન ટ્રાન્સફર કરાવી દીધા હતા. ત્યારબાદ યુવકે મોબાઈલ પર કોલ કરતા યુવતિનો સંપર્ક થયો ન હતો.

પ્રાપ્ત માહિતી મુજબ શહેરના એક યુવકને બે માસ પહેલા ઈન્સ્ટાગ્રામ પર એક ફ્રેન્ડ રીકવેસ્ટ આવી હતી. ફ્રેન્ડ રીકવેસ્ટ યુ.કે.ની યુવતીએ મોકલી હતી. ત્યારબાદ યુવતિએ યુવક સાથે સતત ચેટીંગ કરી કયારેક ઓડીયો કોલ અને વીડીયોકોલ કરી મિત્રતા વધારી વિશ્વાસ કેળવી લીધો હતો. ત્યારબાદ યુવતિ ઈન્ડીયા આવવા માંગે છે અને ગાંધીનગર મળવા માટે આવશે તેમ કહી યુવક માટે ખરીદી કરેલી મોંઘીદાટ ઘડીયાળ અને અન્ય ચીજવસ્તુઓ ગીફટ આપવા માટે લીધી છે તેમ કહી તેના ફોટો ગ્રાફસ પણ મોકલ્યા હતા. પાટનગરમાં યુવકને યુવતિએ તેના માટે રૂમ બુક કરવા અને સાથે ફરવાના સ્થળોએ લઈ જવાની વાતો કરી હતી. એર ટીકીટના ફોટો મોકલી તેણી આવે છે અને અમદાવાદ એરપોર્ટ પર રીસીવ કરવા યુવકને જણાવ્યું હતું. જેથી યુવક પણ વિદેશી યુવતિને મળવા માટે થનગની રહ્યો હતો. યુવતિ જે દિવસે સવારે અમદાવાદ આવવાની હતી તે દિવસે સવારમાં મુંબઈ એરપોર્ટ પરથી યુવક પર ફોન આવ્યો હતો. જેમાં સામેવાળી વ્યકિત હીંદીમાં વાત કરી કોઈ ફોરેનર તમારા સાથે વાત કરવા માંગે છે તેમ જણાવી વિદેશી યુવતિ જે તેની ઈન્સ્ટાગ્રામ પર તેની મિત્ર હતી તેણીએ વાત શરુ કરી કે તેનું કાર્ડ લોક થઈ ગયું છે. મુંબઈ એરપોર્ટ પર તે સાથે લઈને આવેલી ગીફટ ઘડીયાળ અને અન્ય કિંમતી ચીજવસ્તુઓના કસ્ટમ કલીયરન્સ માટે રૂ.૩૭ હજાર તેના એકાઉન્ટમાં તુરંત જમા કરવા માટે કહ્યું હતું.યુવતિ અમદાવાદ એરપોર્ટ આવી યુવકને રૂપીયા ચુકવી દેશે કહી યુવકને વિશ્વાસમાં લઈ લેતા યુવકે યુવતિના એકાઉન્ટમાં રૂપીયા જમા કરાવી દીધા હતા. ત્યારબાદ યુવક અમદાવાદ એરપોર્ટ પર પહોંચી ગયો હતો. પણ યુવતિ આવી ન હતી. બાદમાં યુવકે તેના મોબાઈલ અને ઈન્સ્ટા એકાઉન્ટમાં કોલ કરવા પ્રયત્ન કર્યા હતા પરંતુ કોઈ સંપર્ક થઈ શકયો ન હતો. જેથી યુવકને પોતાની સાથે છેતરપીંડી થઈ હોવાનો એહસાસ થયો હતો. જેથી આમ સોશ્યલ મિડીયા થકી પરિચય થતા ભેજાબાજ ઠગો રૂપીયા પડાવવા માટે અવનવી રીતો અપનાવતા હોય છે. ત્યારે સમગ્ર રાજયમાં ઓનલાઈન છેતરપિંડીનું પ્રમામ ખુબ વધી જવા પામ્યું છે. જેથી અજાણ્યા સંપર્ક થી સાવધાન રહેવા અને નાણાકીય વ્યવહાર પુરી સતર્કતાથી કરવા ગાંધીનગર પોલીસ દ્વારા નાગરીકોને અપીલ કરવામાં આવે છે.